# *સુરતના ચોથા અધિક જીલ્લા અને સત્ર ન્યાયાધીશની કોર્ટમાં.*

ફોજદારી અપીલ નં..૮૧/૨૦૧૪
આંક– ....

એપેલન્ટ :–
અંકિત સતીષભાઇ પારેખ
ઉ.આ.પુખ્તવયના, ધંધો–નોકરી,
રહેવાસી–૬૮, શિવાપાર્ક રો હાઉસ,
આનંદ મહલ રોડ, અડાજણ, સુરત.

**– વિરૂદ્ધ –**

રીસ્પોન્ડન્ટ:–
સરકારશ્રી,

બાબતઃ– ક્રિમી. પ્રોસીજર કોડની કલમ–૩૭૪ મુજબની અપીલ અરજી.

હાજર રહયા–
એપેલન્ટ તરફે વિ.વ.શ્રી આર. વી. પુનાવાલા.
રીસ્પોન્ડન્ટ તરફે વિ.એપીપીશ્રી ટી. એ. પંચોલી.

## – JUDGMENT –

૧. હાલના કામના એપેલન્ટની અરજીની ટુંકમાં વિગત એવી છે કે, તેઓની સામે ધી ઇમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટ,૧૯૫૬ ની કલમ ૩, ૪, ૫, ૬ અને ૭ મુજબ સુરતના વિ. ત્રીજા વધારાના સીવીલ જજ અને જયુડી. મેજી. ફ. ક., સુરતની કોર્ટમાં ફો. કે. નં.૧૬૦૭૬/૨૦૧૨ દાખલ થયેલ, સદરહુ કામે ઈન્સાફી કાર્યવાહી ચલાવી વિ. ટ્રાયલ કોર્ટે તેઓને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૫ (૨) અન્વયે સદર ગુનામાં તકસીરવાન ઠરાવી ઇમોરલ ટ્રાફીક એકટ,૧૯૫૬ ની કલમ ૩ (૨) (બી) મુજબના ગુના સબબ બે વર્ષની સખત કેદની સજા તથા રૂા.૨,૦૦૦/– નો દંડ અને દંડ ન ભરે તો બે માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ, જે હુકમની સામે તેઓએ હાલની અપીલ અરજી કરેલ છે.

તેઓએ તેમની અરજીમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, વિ. ટ્રાયલ કોર્ટે કાનુની જોગવાઈઓનું અને પુરાવાનાં કાયદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને તેમજ નામદાર સુપ્રિમ કોર્ટનાં તથા નામદાર હાઈકોર્ટનાં ચુકાદાઓને, તેમજ કેસનાં રેકર્ડ પર આવેલ પુરાવા, મુખ–જુબાની, વિગેરેનુ અર્થઘટન કરવામાં ગંભીર પ્રકારની

ભુલો કરેલ છે. એપેલન્ટને આ ગુનાના કામે ગ્રાહક તરીકે દર્શાવી એપેલન્ટની ધરપકડ કરી વિ.ટ્રાયલ કોર્ટમાં રજુ કરેલ અને એપેલન્ટ/આરોપીને વિ. ટ્રાયલ કોર્ટ ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટની કલમ ૩ (૨) (બી) મુજબ સજા કરેલ છે. મજકુર કલમની જોગવાઈ જોતા, **"૩ (૨) (બી)** કોઈ જગ્યાનો માલિક, પટે આપનાર અથવા ઘરધણી હોઈ અથવા એવા માલિક, પટે આપનાર અથવા ઘરધણીનો એજન્ટ હોઈ, તે જગ્યા અથવા તેનો કોઈ ભાગ વેશ્યાગૃહ તરીકે વાપરવાનો હોઈ, તે જગ્યા અથવા તેનો કોઈ ભાગ વેશ્યાગૃહ તરીકે વાપરવાનો ઈરાદો છે એવું જાણ્યા છતાં તે જગ્યા અથવા તેનો કોઈ ભાગ ભાડે આપે અથવા તે જગ્યા કે તેના કોઈ ભાગનો વેશ્યાગૃહ તરીકે ઉપયોગ થવા દેવામાં જાણીબુજીને પક્ષકાર થાય".

આમ, આ કલમ જોતા એપેલન્ટ સામે કહેવાતો કોઈ ગુનો બનતો ન હોવા છતાં, વિ. ટ્રાયલ કોર્ટે એપેલન્ટ (મુળ કામના આરોપી) ને દંડ અને સજા કરવાનો ભુલ ભરેલો હુકમ કરેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષની હકીકત મુજબ, ફરીયાદી આર. પી. પટેલ પો.ઈન્સપેકટરનાઓને જાપન માર્કેટમાં ૭૦૪ નંબરની દુકાનમાં હસમુખ પંચાલ અને જીગ્નેશ પારેખ નામના ઈસમો બહારની છોકરી મંગાવી અનૈતિક વેપાર કરતા હોવાની બાતમી મળતા મદદનીશ પોલિસ કમિશનર, પંટર સુનીલ લાડુરામ આંક-૨૬, અને રેઈડના પંચ જીતેન્દ્રભાઈ લાખાભાઈ કાસોડરીયા આંક-૨૨, પંકજભાઈ જયેશભાઈ પટેલ આંક-૨૪, અન્ય સાહેદો ગુનાની જગ્યાએ રેડ કરવા ગયેલાની હકીકત ફરીયાદમાં જણાવેલી. અને રેડ પાડી ગુનાનું પંચનામુ કરેલાની હકીકત આંક-૧ ની ફરીયાદમાં દર્શાવેલ છે. પરંતુ આ કામમાં ફરીયાદપક્ષ ગુનો નિ:શંક પણે સાબિત કરી શકેલ નથી તેમ છતાં ટ્રાયલ કોર્ટે કોઈપણ જાતના પુરાવાઓ વગર પૂર્વગ્રહ રાખી ગુનાના કામે તેઓને ખોટી રીતે સજા કરેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષે ગુનાના કામે જીતેન્દ્ર લાખાભાઈ કાસોડરીયા (રેડનો પંચ) આંક-૨૨, પંકજભાઈ જયેશભાઈ પટેલ (રેડનો પંચ) આંક-૨૪, તથા સુનીલ લાડુરામ અગ્રવાલ (પંટર સાહેદ) આંક-

૨૬ ને તપાસવામાં આવેલ છે. આ કામમાં આંક–૨૨ થી પંચ જીતેન્દ્ર તેની સોંગદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે,"પોલીસે મને કોઈવાર કોઈ કાર્યવાહી માટે પંચમાં રહેવા માટે બોલાવેલા નથી. હું કોઈ દિવસ પંચ તરીકે રહેલ નથી, હું એકવાર જતો હતો ત્યારે પોલીસે મને સહી કરવાનુ કહેતા એક કાગળમાં સહી કરી આપેલી, કાગળમાં શુ લખ્યુ હતું તે હું જાણતો નથી. હું પોલીસ સાથે કયારેય કોઈપણ પ્રકારની રેડમાં ગયેલ નથી, મારી રૂબરૂ પોલીસે કયારેય કોઈ રેડ કરેલ હોય તેવુ બનેલ નથી, કે તેવી કોઈ કાર્યવાહી મારી રૂબરૂમાં થયેલ નથી. મારી રૂબરૂમાં પોલીસે કોઈ કાર્યવાહી કરેલી અને વ્યકિત તથા મુદ્દામલ કબજે કરેલ હોય તેવું બનેલું નથી......." બીજા પંચ પંકજ જયેશભાઈ પટેલ તેમની આંક–૨૪ ની સોંગદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, "પોલીસે મને કોઈવાર કોઈ કાર્યવાહી માટે પંચ રહેવા બોલાવેલ નથી, હું કોઈ દિવસ પંચ તરીકે રહેલ નથી. એકવાર હું જતો હતો ત્યારે પોલીસે મને સહી કરવાનુ કહેતા એક કાગળમાં સહી કરી આપેલી, કાગળમાં શું લખેલુ તે હું જાણતો નથી. હું પોલીસ સાથે કયારેય કોઈપણ પ્રકારની રેડમાં ગયેલ નથી. મારી રૂબરૂમાં પોલીસે કયારેય કોઈ રેડ કરેલ હોય એવુ બનેલ નથી, કે તેવી કોઈ કાર્યવાહી મારી રૂબરૂમાં થયેલ નથી. મારી રૂબરૂમાં પોલીસે કોઈ કાર્યવાહી કરી અને વ્યકિત અને મુદ્દામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી..".

આમ, ફરીયાદપક્ષના આ બે અગત્યના સાહેદો જે ફરીયાદપક્ષના કહેવા મુજબ રેડ કરવા ગયેલા હોય, વ્યકિત પકડેલા હોય અને મુદ્દામાલ કબજે કરેલ હોય એવી ફરીયાદપક્ષની આંક–૧ ની ફરીયાદ કે, આંક–૨૩ ના પંચનામાને આ બંને સાહેદો સમર્થન કરતા નથી. અલબત આવા કોઈ પંચનામાં તેમની રૂબરૂમાં થયા નથી. એવુ સ્પષ્ટપણે જણાવે છે. આ બંને સાહેદોને સરકાર તર્ફે ઉંડાણપૂર્વક ઉલટ–તપાસ કરવા છતાં આ બંને સાહેદો તેની સરતપાસને વળગી રહ્યા છે, અને ફરીયાદપક્ષને સમર્થન આપતા નથી, એ હકીકત પણ ટ્રાયલ કોર્ટે ધ્યાન ઉપર લીધેલ નથી અને પુરાવાનું મુલ્યાંકન કરવામાં ઘણી મોટી ભુલ કરેલ છે. વધુમાં, ફરીયાદપક્ષે આંક–૨૬ થી સુનીલ લાડુરામ જે ફરીયાદપક્ષના કહેવા મુજબ પોલીસ સ્ટેશનથી પંચો સાથે પંટર તરીકે રેડીંગ પાર્ટીમાં ગયેલ અને તેમને ૧ હજાર

રૂપીયાની નોટ નિશાની કરી ગ્રાહક તરીકે આપવાની હતી. એવુ ફરીયાદપક્ષે તેમની ફરીયાદમાં જણાવેલ છે. પરંતુ આ સાહેદની સોગંદ ઉપર સરતપાસ નામદાર કોર્ટ રૂબરૂ લેવાયેલ છે, તેમાં સાહેદ જણાવે છે કે, "હું મહિધરપુરા પોલીસ સાથે કયારેય કોઈ કાર્યવાહીમાં કે રેડમાં સાથે ગયેલ નથી, કે સાથે રહેલ નથી. મહિધરપુરા પોલીસની સાથે મદદનીશ પોલીસ કમિશનર સાથે પણ કોઈ જગ્યાએ કોઈ કાર્યવાહીમાં રહેલ નથી, કે ગયેલ નથી. ૨૦૧૨ ના વર્ષમાં હું ભાગળથી માર્કેટ જતો હતો ત્યારે મહિધરપુરા પોલીસે ઉભો રાખી મારી સહી લીધેલી મને કંઈ બાબતે ઉભો રાખેલો તે હું જાણતો નથી. મારી રૂબરૂમાં કોઈ કાર્યવાહી કરેલ નથી. હું પોલીસની સાથે ૨૦૧૨ ના વર્ષમાં કયાંય ગયેલ નથી. મારી રૂબરૂમાં પોલીસની સાથે મળીને અમોએ કોઈ કાર્યવાહીમાં ભાગ લઈને કોઈ વ્યકિતઓને અટક કરેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે મારો કયારેય કોઈ જવાબ લીધો નથી કે એવા જવાબની કોઈ કાર્યવાહી અંગે જાણતો નથી.........” આ સાહેદને સરકાર તરફે જીણવત ભરી ઉલટતપાસ કરવા છતાં, સરતપાસને વળગી રહેલ છે. આ સાહેદ ફરીયાદપક્ષનો સ્ટાર સાહેદ છે, અને ફરીયાદપક્ષની આખી ફરીયાદને આ સાહેદ સમર્થન આપતો નથી. તેથી આખી ફરીયાદ અને ઈન્વેસ્ટીગેશન શંકાના ડાયરામાં આવી જાય છે. આ હકીકત પણ નામદાર કોર્ટે ધ્યાન ઉપર લીધી નથી અને ગંભીર પ્રકારની ભુલ કરી છે. વધુમાં, આ કામના સાહેદ હરપિતસિંહ બચીતરસિંહને આંક–૨૭ થી જમીન દલાલ તરીકે તપાસેલા છે. મજકુર સાહેદ તેની સોંગદ પર સરતપાસમાં જણાવે છે કે, “હું ભકિતભાઈ ઉર્ફે તીર્થસિંહને ઓળખુ છું. હું હસમુખ ઉર્ફે રાજુભાઈને ઓળખતો નથી. ભકિતભાઈની દુકાન જાપાન માર્કેટમાં આવેલ છે. ભકિતભાઈ જમીન મકાન દલાલીનો ધંધો કરે છે. એ મારે ત્યાં બેસતા હતાં.” વગેરે હકીકત સરતપાસમાં જણાવે છે, મજકુર સાહેદ ઉલટતપાસમાં જણાવે છે, “હું ઉનાપાની રોડ પર ટાયરની દુકાન ચલાવું છું. ટાયર સિવાય હું કોઈ ધંધો કરતો નથી. હસમુખભાઈ, રાજુભાઈને ઓળખતો નથી. પોલીસે મારૂ નામ ઠામ પુછેલુ, અને તેમની રીતે સ્ટેટમેન્ટ લખેલુ." આમ, આ સાહેદ ફરીયાદપક્ષને સમર્થન કરતા નથી. આંક–૨૮ થી મૂળચંદ શંકરભાઈ બોધરા જાપાન માર્કેટની પ્રસીડન્ટ છે. એમની સરતપાસમાં જણાવે છે કે, બનાવના અરસામાં હું જાપાન માર્કેટ

બિલ્ડીંગના પ્રમુખ તરીકે ચુટાયેલ. બનાવ વખતે હું સુરતમાં હાજર ન હતો, દુકાનનાં માલિક રામભાઈ અને હરીભાઈ હતા, જો કોઈ વેપારી દુકાન ભાડે આપે તો સોસાયટીમાં નોંધ થાય, આ દુકાન ની નોંધણી માટે કોઈ માહિતી આવેલી ન હતી." ઉલટતપાસમાં આ સાહેદ સ્વીકારે છે કે, બનાવની મને જાત માહિતી નથી, આરોપીને મે આજદિન સુધી જોયેલ નથી, દુકાનનો કબજો કોનો હતો તે નોંધ નથી, વગેરે હકીકત જણાવે છે. આમ આ સાહેદને બનાવ અંગે કોઈ જાત માહિતી નથી, તેમ છતાં ટ્રાયલ કોર્ટે આ સાહેદની જુબાની માની છે, અને તેઓને ખોટી રીતે સજા કરી છે. આંક–૨૯ થી જાપન માર્કેટનાં મેનેજર પ્રવિણભાઈ જગદંબે પ્રસાદને તપાસેલ છે, આ સાહેદ જણાવે છે કે “કહેવાતા બનાવ વખતે હું મારા ઘરે હતો, આ દુકાન પહેલા જયશ્રી ગણેશ ટેક્ષટાઈલની હતી, ત્યારબાદ રામભાઈ તથા હરીશભાઈને વેચેલ, આ દુકાન કોના કબજામાં હતી તેની વિગત અંગે કોઈ માહિતી હમોને નથી. હું નામ થામ પણ જાણતો નથી." આ સાહેદ ફરીયાદપક્ષને સમર્થન કરતો ન હોવા છતાં, નામદાર કોર્ટ સદરહું સાહેબની જુબાની પર આધાર રાખેલ છે. તેમજ આંક–૫૯ થી સાહેદ રામકુમાર ચેતનમલ આચલાણીને ફરીયાદપક્ષે તપાસેલ છે, આ સાહેદ દુકાનનાં માલિક છે, તે એની જુબાનીમાં જણાવે છે કે.."આ દુકાન દલાલ મારફત ભાડે આપેલી, કોને ભાડે આપેલી તેની મને ખબર નથી, ભાડુઆતો કોન હતા અને દુકાનમાં કયો વેપાર કરતા હતા તેની મને ખબર નથી, હું ભાડુઆતને કયારેય મળેલ નથી” આમ, દુકાનનાં માલિકે દુકાન કોને ભાડે આપેલ હતી તેનો કોઈ ખુલાસો કરતા નથી. તપાસ કરનાર અમલદારે આ દુકાન ખરેખર કોના કબજામાં હતી તેની તપાસ કરી નથી અને તેનાં માલિકીપણા કે કબજા દર્શાવવા દસ્તાવેજી પુરાવાઓ કબજે લેવા જરૂરી હતા, પરંતુ ફરીયાદપક્ષે એવા કોઈપણ પુરાવા રેકર્ડ પર લીધેલ નથી કે નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી, અને એપેલન્ટ/મુળ આરોપીને આ દુકાન સાથે કોઈ લેવાદેવા ન હોવા છતાં, નામદાર ટ્રાયલ કોર્ટે એવી હકીકત ધ્યાને લીધી નથી.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષે કહેવાતી ભોગબનનાર કિરણબેન ઉર્ફે લકકી મહેન્દ્રસિંગ કૌર છે, કહેવાતી રેડ બાદ તપાસ કરનાર અમલદારે તેણીનું સી.આર.પી.સી ૧૬૪ નું સ્ટેટમેન્ટ નોંધાવવા માટે

નામદાર ચીફ કોર્ટમાં અરજી કરેલ, મહેરબાન સુરતના ચીફ જ્યુ. મેજી. ફ. કલાસ શ્રીએ તેમની રૂબરૂ તેમનું સોંગદ ઉપર સી.આર.પી.સી ૧૬૪ નું નીવેદન નોંધેલ. મજકુર સ્ટેટમેન્ટ આંક-૬૪ થી રેકર્ડમાં સામેલ છે, મજકુર સ્ટેટમેન્ટ જોતાં તા:૩૦-૦૪-૨૦૧૨ ના રોજ લીધેલ છે. "મહિધરપુરા પો.સ્ટે સેકન્ડ ગુ.ર.નં-૧૩૦-૨૦૧૨ ના કામે સાહેદ કિરણ ઉર્ફે લકી D/O મહેન્દ્રસીંગ કૌર, ઉ.આ.વ-૨૩, રે.પંજાબ રાજય શહેર લુધીયાણા હાલ. અંધેરી વેસ્ટ, સાહીન બ્યુટીપાર્લરમાં નોકરી, એસ.પી.રોડ. બહેરામ બાગ, રહીમાં બાદ એપાર્ટમેન્ટ, મુંબઈ અંધેરી વેસ્ટ મો.-૯૯૨૦૫૨૭૫૦૧. રૂબરૂમાં પુછવાથી લખાવું છું હું તા.૨૨-૦૪-૨૦૧૨ ના રોજ સવારે ૫.૦૦ થી ૫.૩૦ વાગ્યાના અરસામાં લકઝરી બસમાં મુંબઈથી સુરત એકલી આવેલી, અને અહીં મારે રાજુભાઈ નામના માણસને મળવાનું હતું તેઓએ મને મોબાઈલ ફોન કરેલો અને મને સુરત આવવા જણાવેલું હું રાજુભાઈને બસ રસ્ટેશને મળેલી. મારે મુંબઈના વિનાય નામના માણસ પાસેથી મે રૂપિયા પાંચ હજાર પુરા રૂમનું ભાડું આપવાનું હતું એટલે માંગેલ પરંતુ તેઓએ કહેલ કે સુરત જઈને રાજુભાઈ નામદાર માણસ પાસેથી જઈને લઈલે. હું સુરત આવીને રાજુ ભાઈ પાસે પૌસા માંગતા તેઓએ કહેલ કે બે ત્રણ કલાક રોકાય જાવ બીજા કોઈ પાસેથી પૈસા લઈને આપુ છું. તે દરમ્યાન મહીધરપુરા પોલિસના માણસ પટેલ કરીને અમારી પાસે આવેલ અને મને મહીધરપુરા પોલીસ સ્ટેશને લાવેલ અને મને કહેલ કે જુબાની આપવી પડશે અને બીજા દિવસે મને કોર્ટમાં લાવેલ હતા પોલિસ સ્ટેશનથી રાત્રીના મને નારીગૃહમાં લાવેલ હતા, અને આજ મને સ્ટેટમેન્ટ આપવા લાવેલ છે. એટલી મારી હકીકત છે." મજકુર નીવેદનની ઉપર ચીફ જ્યુ. મેજી. શ્રીની સહી અને શેરો છે. આમ, કહેવાતી ભોગબનનાર જેના પર ફરીયાદપક્ષ આધાર રાખે છે, તે સદરહું સી.આર.પી.સી-૧૬૪ ના નીવેદનમાં જે હકીકત હતી તેજ જણાવેલ છે, અને તેણીનું સ્ટેટમેન્ટ ફરીયાદપક્ષને સમર્થન કરતુ નથી, ઉલટાનું ફરીયાદપક્ષથી વિરૂધ્ધની હકીકત નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે. આમ, આવા મહત્વના પુરાવાને પણ નામદાર ટ્રાયલ કોર્ટે નજરઅંદાજ કરી ધ્યાને લીધેલ નથી, જે ભુલ ભરેલ છે, અને એપેલન્ટ (મુળ કામના આરોપી) ને ખોટી રીતે સજા કરેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, મુળ કામમાં સ્વતંત્ર સાક્ષીઓ ફરીયાદપક્ષના કેસને સંપૂર્ણ સમર્થન કરતા નથી. ફરીયાદપક્ષે રેડીંગ પાર્ટીમાં સામેલ પોલિસ કર્મીઓની જુબાની લીધેલ છે, આ તમામ પોલિસ કર્મીઓની જુબાનીમાં સરતપાસ અને ઉલટતપાસનું મુલ્યાંકન પુરાવાના કાયદા મુજબ કરવામાં આવે તો તમામે તમામ રેડીંગ પાર્ટીના સભ્યોની જુબાની એકબીજાથી વિરોધાભાસી છે, અને ફરીયાદપક્ષના કેસને નિ:શંકપણે સમર્થન કરતા નથી. સદર તમામ રેડીંગ પાર્ટીના સભ્યોના સ્ટેટમેન્ટમાં મુદ્દામાલ રૂા.૧,૦૦૦/- ની નોટ ઉપરના નીશાન બાબતે, રેડ વખતે પોતપોતાની જગ્યા બાબતે, રેડ માં વપરાયેલ વાહનો બાબતે, રેડ ની જગ્યાની સ્થળ સ્થિતી બાબતે કોન્ટ્રાડીકશન ચાલી આવેલ છે. તેથી તેવા પુરાવાઓ નિઃશંકપણે પુરવાર થયેલા કહી શકાય નહી. સ્વતંત્ર સાહેદો અને કહેવાતી ભોગબનાર પણ ફરીયાદને સમર્થન આપતા ન હોય તેમ છતાં, ફક્ત પોલીસના સ્ટેટમેન્ટ પર આધાર રાખીને વિ. ટ્રાયલ કોર્ટે એપેલન્ટ (મુળ કામના આરોપી) ને ઉપરોકત ગુનામાં તકસીરવાન ઠેરવેલ છે, જે ભુલ ભરેલુ છે, અને રદ થવાનો પાત્ર છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષે હાલનો કેસ ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટ ૧૯૫૬ અન્વયે ના ગુના સબબ વિ. ટ્રાયલ કોર્ટમાં ટ્રાયલ ચાલેલ છે, સદરહું કાયદા ની કલમ-૧૩ મુજબ સદરહું ગુનો દાખલ કરવાનો અને તપાસ કરવા માટે મજકુર કાયદા મુજબ સક્ષમ પોલીસ અધિકારીની નિમણૂંક રાજય સરકાર ધ્વારા કરેલ હોય તેવા અમલદાર સદરહું કાયદા બાબતે ગુનો દાખલ કરી તપાસ કરી શકે એવી સ્પષ્ટ જોગવાઈ છે. સદરહું કામમાં તપાસ કરનાર અમલદારને આ બાબતે પુછતાં, તેમની આવી નીમણૂંક થયેલ ન હોવાની વાત સ્વીકારેલ છે, અને ચાર્જશીટમાં પણ એવી નીમણૂંક બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આમ, ફરીયાદ બાબતે સદરહું કાયદાની ફરજીયાત જોગવાઈઓનું પાલન થયુ નથી, જેથી વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ ભુલભરેલો અને રદ થવાને પાત્ર છે તેમ જણાવી વિ. ટ્રાયલ કોર્ટે તાઃ૦૭-૦૭-૨૦૧૪ ના રોજ આંક-૬૬ થી તેઓને સજા કરતો કરેલ હુકમ સેટેસાઈડ કરી તેઓને નિદોર્ષ જાહેર કરી છોડી મુકવા અરજ કરેલ છે.

૨. એપેલન્ટે તેમની અરજી સાથે ફોજદારી કેસ નં.૧૬૦૭૬/૨૦૧૨ ના કામે થયેલ હુકમની સર્ટીફાઇડ નકલ, અપીલ પીરીયડ સુધી જામીન મુકિત સ્ટે કરેલ તેના હુકમની નકલ તથા દંડની પાવતી રજુ કરેલ છે.

૩. સદરહુ એપેલન્ટની અપીલ અન્વયે સરકારશ્રી તરફે વિ.એપીપીશ્રી હાજર થયેલ છે.

૪. એપેલન્ટના વિ.વ.શ્રીએ આંક-૬૩ થી તેમની લેખિત દલીલ રજુ કરી કરેલ છે, જે વંચાણે લીધી. એપેલન્ટના વિ.વ.શ્રીએ તેમની અપીલ તથા લેખિત દલીલમાં જણાવ્યા મુજબની રજુઆતો કરી મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, મુળ ફોજદારી કેસ નં.૧૬૦૭૬/૨૦૧૨ ના કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનાં પુરાવાથી એપેલન્ટ/આરોપી સામેનો આક્ષેપ શંકારહિત પુરવાર થયેલ ન હોવા છતાં નામદાર કોર્ટે ફરીયાદપક્ષ રજુ થયેલ સાહેદોના પુરાવાને માની એપેલન્ટ/આરોપીને સજા કરતો જે હુકમ કરેલ છે તે કાયદા વિરૂધ્ધનો, ભુલભરેલો અને ક્ષતિયુકત તથા એપેલન્ટ/આરોપીને અન્યાય કરતો છે. ફરીયાદપક્ષે તપાસેલ પંચ સાહેદો, રેડના પંટર, ભોગ બનનાર તથા અન્ય સાહેદોએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતો તથા તેઓની એપેલન્ટ/ આરોપીએ કરેલ ઉલટતપાસ દરમ્યાન રેકર્ડ ઉપર આવેલ મહત્વની હકીકતોને વિ. ટ્રાયલ કોર્ટે ધ્યાને લીધા વગર એકતરફી હુકમ કરેલ છે જે હુકમ રદ કરવાની જરૂર છે. વધુમાં, ધી ઇમરોલ ટ્રાફીક પ્રિવેન્શન એકટના કાયદાની કલમ ૩, ૪, ૫, ૬ અને ૭ માં કરવામાં આવેલ જોગવાઇ ધ્યાને લઇ ''ગ્રાહક'' નો કોઇપણ કલમો અન્વયે સમાવેશ થતો નથી. તેમજ તપાસકર્તા અમલદારની સદરહુ કાયદાની કલમ-૧૩ મુજબની રાજય સરકાર ધ્વારા નિમણુંક કરવામાં આવેલ હોય તેવા કોઇ પુરાવાઓ રજુ કરેલ ન હોવા છતાં તે તમામ હકીકતોને ધ્યાને લીધા વિના એપેલન્ટ/આરોપી સામે હુકમ કરેલ છે તે ખોટો અને કાયદેસરનો છે. તેમજ ફરીયાદપક્ષના રજુ સાહેદોના પુરાવાથી એપેલન્ટ/આરોપી સામેનો કેસ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું ઠરાવી એપેલન્ટ/આરોપી સામે વિ.ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ સેટેસાઇડ કરી એપેલન્ટ/આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

એપેલન્ટે તેમની દલીલનાં સમર્થનમાં (1) Goenka Sajankumar Vs. State of A P & ors., 2014 LawSuit(Hyd) 125 (2) Abhijit Kallianpur Vs. State of Karnataka, 2017, Law suit (Kar) 447 (3) Vinod @ Vijay Bhagubhai Patel Vs. State of Gujarat, 2017(0)AIJEL-HC-237585 (4) Delhi Administration Vs. Ram Singh, 1962 (1) Cri. L.J.106 (5) Mumtaj Alias Behri Vs. The State (Govt. of NCT Delhi), 2003 Cri. L. J. 533 માર્ગદર્શક ચુકાદાઓ રજુ કરી તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લઇ એપેલન્ટ/આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૪.૧ રીસ્પોન્ડન્ટ તરફે વિ.એપીપીશ્રીએ તેમની દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, વિ. ટ્રાયલ કોર્ટે જે હુકમ કરેલ છે તે રેકર્ડ આધારીત અને તથા ધી ઇમરોલ ટ્રાફીક પ્રિવેન્શન એકટની કલમ ૩, ૪, ૫, ૬ અને ૭ ની જોગવાઇ અને રેકર્ડ ઉપર રજુ સાહેદોના પુરાવાઓ અંગે વિગતવાર તારણો આપી એપેલન્ટ/આરોપીને સજા કરતો હુકમ કરેલ છે તે હુકમ કાયદેસરનો અને વ્યાજબી છે અને તે હુકમમાં હસ્તક્ષેપ કરવાની કોઇ જરૂરીયાત રહેતી ન હોય એપેલન્ટ/આરોપીની અપીલ રદ કરવા અરજ કરી વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ યથાવત રાખવા અરજ કરેલ છે.

૫. બન્ને પક્ષકારોના વિ. વ. શ્રીની રજુઆત ધ્યાને લીધી અને સદર અપીલ અરજીના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

(૧) શું તા.૦૭–૦૭–૨૦૧૪ ના રોજ વિ.ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/આરોપી સામે કરેલ હુકમ ભુલભરેલો, અન્યાયી અને કાયદાથી વિરૂધ્ધનો અને હસ્તક્ષેપને પાત્ર છે?

(૨) શું હુકમ?

૬. ઉપરોકત મુદ્દાના તારણો તથા કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**– કારણો –**

૭. **મુદા નં.૧:–**

૭.૧ બંને પક્ષકારોની રજુઆત, રજુ થયેલ પેપર્સ ધ્યાને લેતા, હાલના એપેલન્ટ/ આરોપી સહિતના અન્ય આરોપી સામે ધી ઇમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટની કલમ ૩, ૪, ૫, ૬ અને ૭ મુજબનો ગુનો નોંધવામાં આવેલ અને તે ગુના અંગેની ટ્રાયલ પુર્ણ થતા ફરીયાદપક્ષના પુરાવાઓ તથા કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લઇ વિ. ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/આરોપીને ૩ (૨) (બી) અન્વયે સજા કરતો હુકમ ફરમાવેલ છે, જે હુકમની નકલ માર્ક–૩/૧ થી રજુ છે. જે હુકમથી નારાજ થઇ હાલની અપીલ એપેલન્ટ/મુળ આરોપીએ કરેલ છે. જે હુકમ વંચાણે લેતા તેમાં વિ. ટ્રાયલ કોર્ટે મુખ્યત્વે હાલના આરોપી દુકાન નં.જે–૭૦૪ નો વેશ્યાગૃહ તરીકે ઉપયોગ થવા દેવામાં જાણીબુઝીને પક્ષકાર થયેલો અને તે રીતે ગુનામાં પ્રત્યક્ષ પરોક્ષ રીતે મદદ કરતા હોય તેમની વિરૂધ્ધ કલમ ૩(૨) (બી) મુજબનો ગુનો સાબિત થાય છે. તેમજ એવુ પણ તારણ કાઢેલ છે કે, વળી ગ્રાહક આરોપી નં.૩ પણ મળી આવેલા અને આ આરોપી વિરૂધ્ધ પોલીસ અધિકારીને કોઇ ગ્રીવીયન્સ હોય કે ખોટી રીતે સંડોવી દીધેલ હોય તેવુ માનવાને કારણ નથી. તેમજ એવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તેથી આરોપી વિરૂધ્ધ કલમ–૪ મુજબનો ગુનો પણ પુરવાર થાય છે. તેમજ વિ. ટ્રાયલ કોર્ટે એવુ પણ તારણ કરેલ છે કે, હાલના કામે ફરીયાદપક્ષે ગુનો શંકાથી પર પુરવાર કરવાનો હોય આ કામે આરોપી નં.૧ થી ૩ રંગે હાથે પકડાયેલા છે. આ પ્રકારની પ્રવૃત્તિને આડકતરી રીતે મદદગારી કરેલ હોવાની તેમજ વેશ્યાગૃહનો ઉપયોગ કરવામાં જાણીબુઝીને પક્ષકાર થયેલ હોવાની હકીકત કાયદાની ૩ (૨) (બી) મુજબ સાબિત થાય છે.

તેમજ હાલના કેસમાં એપેલન્ટ/આરોપી ગ્રાહક તરીકે રેડ વાળી જગ્યાએ થી મળી આવેલાનું જણાવેલ છે. તેમજ વિ.ટ્રાયલ કોર્ટે એવુ તારણ કરેલ છે કે, આરોપી નં.૩ ગ્રાહક હોવાનું પ્રસ્થાપિત થયેલ છે તે આવા સામાજીક દુષણ સંદર્ભે વેશ્યાગૃહ ચાલુ રાખવામાં મદદગારી કરતા હોવાનું અને વેશ્યાગૃહનો ઉપયોગ કરવામાં જાણીબુઝીને પક્ષકાર થયેલાનું માનેલ છે. તેમજ વિ.ટ્રાયલ કોર્ટે એવુ પણ તારણ કાઢેલ છે કે, આરોપી નં.૩ એ કોઇ કામગીરી કરેલ નથી, કોઇપણ સાહેદ કહેતા નથી કે આરોપી નં.૩ વેશ્યાવૃત્તિનો ધંધો મેનેજ કરતા હોઇ કે કોઇને

વેશ્યાગૃહમાં રાખેલ હોય કે તેની કમાણી ઉપર નભતા હોય તેવી કોઇ હકીકત આરોપી નં.૩ વિરૂધ્ધ ખુલવા પામતી નથી.

હાલના કામના એપેલન્ટ/આરોપીને ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટની કલમ ૩ (૨) (બી) મુજબ વિ. ટ્રાયલ કોર્ટ દ્રારા સજા કરવામાં આવેલ છે. મજકુર કલમની જોગવાઈ જોતા નીચે મુજબની છે.

*3. Punishment for keeping a brothel or allowing premises to be used as a brothel.*
*(2) Any person who—*
*(a) being the tenant, lessee, occupier or person in charge of any premises, uses, or knowingly allows any other person to use, such premises or any part thereof as a brothel, or*
*(b) being the owner, lessor or landlord of any premises or the agent of such owner, lessor or landlord, lets the same or any part thereof with the knowledge that the same or any part thereof is intended to be used as a brothel, or is wilfully a party to the use of such premises or any part thereof as a brothel, shall be punishable on first conviction with imprisonment for a term which may extend to two years and with fine which may extend to two thousand rupees and in the event of a second or subsequent conviction, with rigorous imprisonment for a term which may extend to five years and also with fine.*

આમ, ઉપરોકત વિ.ટ્રાયલ કોર્ટના તારણો તથા કારણો અને રેકર્ડ ઉપરના પુરાવાઓની વિગતો જોતાં હાલના કામના એપેલન્ટ આ કામે ગ્રાહક તરીકે પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ છે. જેથી આ તબકકે આરોપી તરફે વિ.વ.શ્રીએ ઉપરોકત મુજબનાં રજુ કરેલા માર્ગદર્શક ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી જણાય આવે છે, જે નીચે મુજબ છે.

***{1} Goenka Sajan Kumar vs The State Of A.P., Rep.By Public ..., 2014 LawSuit (Hyd) 125. High Court of Telangana and Andhra Pradesh (At Hyderabad)***

*4. Section 3 of the Act imposes punishment for maintaining a brothel house or allowing premises to be used as a brothel house. Section 4 imposes penalty for living on the earnings of prostitution. Section 5 deals with the procurement, inducement or indicing for a person for the sake of prostitution. Section 6 of the Act speaks about detaining a person in the premises where prostitution is carried out.*

*5. None of these sections speak about punishment to the customer of a brothel house. Admittedly, the petitioner does not fall under the provisions of Section 3 to 7 of the Act, as the petitioner was not running a brothel house nor did he*

*allow his premises to be used as a brothel house. The petitioner is not alleged to be living on the earnings of prostitution. It is also not the case of the prosecution that the petitioner was procuring, inducing or in dicing any person for the sake of prostitution nor is it the case of the prosecution that any person was earning on the premises where prostitution is carried out.*

*6. I, therefore, agree with the contention of the learned counsel for the petitioner that the petitioner is not liable for punishment under the provisions of Section 3, 4 and 5 of the Act. Consequently, the prosecution of the petitioner is unjust and the case against him is liable to be quashed.*

***{2} Abhijit Kallianpur vs State Of Karnataka, 2017 LawSuit (Kar) 447. (High Court of Karnataka)***

*6. I have perused the FIR and the orders relied on by the learned counsel for the petitioner. The sole ground on which the petitioner herein is arrayed as the accused in the above crime is that he was present at the spot during the raid, indicating that he was a customer who had gone to the spot for massage. The provisions of the ITP Act, 1956 invoked by the first respondent do not get attracted to the facts alleged against the petitioner. Section 3 of the ITP Act, 1956 deal with the punishment for keeping a brothel or allowing premises to be used as a brothel. Section 4 of the ITP Act, 1956 pertains to punishment for living on the earnings of prostitution. Section 5 of the ITP Act, 1956 refers to the procuring, inducing or taking (person) for the sake of prostitution. Section 6 of the ITP Act, 1956 deals about detaining a person in the premises where prostitution is carried out. Section 7 deals with prostitution in or in the vicinity of public places. A person who visits brothel house only as a customer is not covered by any of the above provisions or any other provision of the ITP Act, 1956. In the decisions referred above, in similar fact situation, the proceedings have been quashed solely on that score. Apart from the above legal defect, the registration of the FIR is also seen to have been done after the commencement of the investigation by the second respondent as it is an admitted fact that before registration of the FIR, based on the credible information, he rushed to the spot and arrested the culprits and drew up the panchanama as recorded in the FIR. This procedure adopted by the respondents renders the proceedings vitiated.*

***{3} Mumtaj @ Behri vs The State (Govt. Of Nct Of Delhi), 2003 CRI LJ 533 (Delhi High Court)***

*7. Besides, on merits also I find that prosecution has failed to prove the case under Sections 3 and 4 of the Act against the appellant. Section 3 of the Act provides the punishment for keeping/managing or assisting in keeping or managing of a brothel. Section 2(a) of the Act defines that "brothel" includes any house, room or place or any portion of any house, room or place, which is used for the purposes of sexual exploitation of abuse for the again of another person or for the mutual gain of two or more prostitutes. It is obvious that for*

*proving an offence under Section 3 of the Act some specific instances of prosecution must be proved and then it must further be proved that the accused was managing/keeping the place with the knowledge that same is being used for the purposes of sexual exploitation or abuse for the gain of another person or for the mutual gain of two or more prostitutes.*

આથી, સદર કાનુની જોગવાઇઓ તથા પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં હાલના એપેલન્ટ/આરોપી સામે ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવામાં આંક-૩૪ થી ફરીયાદની નકલ રજુ કરેલ છે અને જેમાં હાલના કામે તેમાં આરોપી નં.૩ ગ્રાહક હોવાની વિગત જણાવેલી છે તેમજ મુળ કામે તપાસેલા PW-1 & PW-2 જેઓ રેડના પંચસાહેદો છે અને તેઓએ આંક-૨૩ થી રજુ પંચનામાની વિગતોને સમર્થન કરેલ નથી. તેમજ PW-3 કે જેઓ પંટર સાહેદ છે અને તેઓએ પણ ફરીયાદની વિગત જોતાં હાલના એપેલન્ટ/આરોપી સામે પુરાવો રજુ કરેલ નથી. PW-4 & PW-5, PW-18 નાઓએ ફરીયાદપક્ષના વિગતને સમર્થન કરેલ નથી. તેમજ સી.આર.પી.સી.ની કલમ-૧૬૪ મુજબના નિવેદનમાં પણ હાલના એપેલન્ટ/આરોપીની કોઇ સંડોવણી જણાવેલ નથી. તેમજ અન્ય સાહેદો પોલીસ કર્મચારીઓ હોવાનું તથા રેડીંગ પાર્ટીના સભ્યો હોવાનું જણાવેલ છે. જેઓએ પણ હાલના એપેલન્ટ/આરોપી સામે સ્પષ્ટ રીતે પુરાવો રજુ કરેલા જણાય આવતા નથી જે જોતાં હાલના એપેલન્ટ/આરોપીને ગ્રાહક તરીકે હોય અને પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં ગ્રાહક સામે ઉપરોકત જોગવાઇઓ મુજબ તેઓની સામે ગુનો બનતો નથી. આ કામે હાલના એપેલન્ટ/આરોપી કોઇ બોથલ ચલાવતા હોય કે તેમાં મદદગારી કરેલી હોય કે તેમાંથી કોઇ આવક મેળવેલી હોય કે તેવી પ્રવૃત્તિ માટે પ્રેરીત કરેલ હોય કે વેશ્યાવૃત્તિ ચલાવવા માટે કોઇ ચુકવણી કરેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય ત્યારે એપેલન્ટ/આરોપી તરફે રજુ થયેલા માર્ગદર્શક ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો એપેલન્ટ/આરોપીને મદદરૂપ થાય છે. જેથી, નામદાર હાઇકોર્ટસના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના માર્ગદર્શક JOJO THOMAS KANNAPPILLY Versus STATE OF GUJARAT, R/CRIMINAL MISC.APPLICATION (FOR QUASHING & SET ASIDE FIR/ORDER) NO. 7387 of 2023 (Guj.HC) ચુકાદાને માનસહ વંચાણે લેતાં અને કાયદાકીય જોગવાઇઓ તેમજ કેસના રેકર્ડ ઉપર

આવેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેતા, હાલના એપેલન્ટ/ આરોપીની સામે કોઇ ગુનો બનતો હોય તેવી હકીકત ફલીત થતી નથી ત્યારે આરોપી સામે વિ.ટ્રાયલ કોર્ટે કરેલા તારણોમાં તથા હુકમમાં કાયદાકીય ક્ષતિ જણાય આવે છે. જેથી વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા એપેલન્ટ/આરોપી વિરૂધ્ધ આપવામાં આવેલ ચુકાદામાં હસ્તક્ષેપ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય આવતો હોય ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

આથી, અરજદાર/આરોપીની અપીલ મંજુર કરવામાં આવે છે.

હાલના એપેલન્ટ/આરોપી વિ. ટ્રાયલ કોર્ટે ૦૫–૦૭–૨૦૧૪ ના રોજ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરેલ તે તથા તા.૦૭–૦૭–૨૦૧૪ ના રોજ સજા અંગે કરેલ હુકમ આથી સેટેસાઇડ કરવામાં આવે છે. તેમજ એપેલન્ટ/આરોપીને હાલના ગુનામાં નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, હાલના કામે એપેલન્ટ/આરોપીએ ભરેલ દંડની રકમ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ (એ) મુજબ આરોપીએ ઉપલી અદાલતમાં અપીલ થાય તો હાજર રહેવા સારૂ છ માસના સમય માટેના રૂા.૧૦,૦૦૦/– ના નવા જામીન અને જાતમુચરકા રજુ કરવા.

હુકમની એક ખરી નકલ સંબધીત વિ. ટ્રાયલ કોર્ટને અસલ રેકર્ડ સાથે તાત્કાલિક પરત મોકલી આપવી.

હુકમ આજ તા.૩૦ મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

Place: Surat.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge, Surat.
(UID No.GJ00672)